ધર્મનાં ઘણાં પુસ્તકો અમારે ત્યાંથી મળશે.

॥ श्रीकृष्णाय नमः ॥

ग्रन्थाङ्क १०

સર્વોત્તમસ્તોત્ર સટીક



ચતુર્થ આવૃત્તિ. શ્રીવલ્લભાબ્દ. ૪૫૧

* *

પ્રત ૫૦૦૦. સં. ૧૯૮૬

છપાવી પ્રસિદ્ધ કરનાર:

લલ્લુભાઈ છગનલાલ દેસાઈ.

વ્યવસ્થાપક:— "શ્રીભક્તિ-ચમત્કાર" કાર્યાલય

રીચીરોડ, નં. ૧૧૦, ... —અમદાવાદ

ર્યો. ૦-૨-૦

શ્રી ગોકુળ મથુરાં ને શ્રીનાથજીની

જાત્રાનાં દર્શન

ઘેર બેઠાં કરવાં હોય તો થોડા ખરચે મોટો લાભ,

દુનીયામાં જીવ્યાથી જોયું ભલું.

સુંદર ચિત્રકળાના નમુના અત્યારેજ ખરીદો.

તમારે દેવમંદિરો, મકાનો, ઓફીસોના શૉરૂમ શણગારવા હો તો! શાળા પાઠશાળામાં લ્હાણી કરવી હોય તો! સગાં સ્નેહીઓને સંભારણાં સોંપવાં હોય તો! લગ્ન પ્રસંગે લ્હાણી કરવી હોય તો! ભક્તિરસમાં ધ્યાનમગ્ન બની જવું હોય તો! અમોએ છેલ્લી ઢબનાં આંખ ઠરી જાય તેવાં, સોનેરી રંગનાં સુંદર ચીત્રો ૫-૭-૧૦ જાતના રંગોમાં ઘણા મોટા ખરચે તૈયાર કરાવ્યાં છે. તે જુઓ

સુંદર ચિત્રકળાના નમુના.

સાઇઝ ઇંચ ૧૧+૧૪ ની

શ્રીરાધાકૃષ્ણ યુગલ રૂ ૩૫–સઘનકંદરાનું	૦–૪–૦	શ્રીનાથજી	૦–૩–૦
શ્રીયમુનાજી	૦–૪–૦	શ્રીમથુરેશજી	૦–૪–૦
શ્રીદ્વારકાનાથજી	૦–૪–૦	શ્રીમહાપ્રભુજી	૦–૩–૦
શ્રીગુસાંઇજી	૦–૪–૦	શ્રીગોકુળનાથજી	૦–૪–૦

એક પ્રાચીન ઐતિહાસિકચીત્ર શ્રીમહાપ્રભુજીનો રાજા કૃષ્ણદેવની સભાનો દિગ્વિજય. ૦—૪—૦

આવાંજ ચિત્રો ઇંચ ૯×૭ની સાઇઝનાં દરેકનો એક આનો.

શ્રી બાલકૃષ્ણલાલજી, શ્રીલાલબાવા, ટીકૈત શ્રી દામોદરલાલજી, વગેરે શ્રી ગોસ્વામી બાળકોના પણ ચિત્રો મળે છે. આવાંજ ચિત્રો પોસ્ટકાર્ડ સાઇઝનાં પણ મળે છે.

ग्रन्थाङ्क ३०

॥ श्रीकृष्णाय नमः ॥

શ્રી

શ્રી સર્વોત્તમસ્તોત્ર સટીક

શ્રીવલ્લભાબ્દ. ૪૫૨. સં. ૧૯૮૬

લલ્લુભાઈ છગનલાલ દેસાઈ

વ્યવસ્થાપક:-"શ્રીભક્તિગ્રન્થમાળા" કાર્યાલય

રીચીરોડ, નં. ૧૧૦, મેડા ઉપર-અમદાવાદ.

ન્યો. ૦-૨-૦

સ્વધર્મના મુખ્ય સિદ્ધાન્તો.

૧. જગત્ સત્ય છે. ૧૫૬૮૯

૨. જગત, જીવ, અંતર્યામી, અક્ષર ઇત્યાદિનાં નિમિત્ત અને ઉપાદાન કારણ શુદ્ધ નિર્ગુણ બ્રહ્મ શ્રીકૃષ્ણ પરમાત્માજ છે.

૩. જીવે અવિદ્યાથી કલ્પેલો અહન્તામમતાત્મક સંસાર મિથ્યા છે.

૪. જીવ અણુ છે, શુદ્ધ નિર્ગુણ બ્રહ્મનો અંશ છે, વ્યાપક નથી.

૫. પરબ્રહ્મ પુરૂષોત્તમ કૃષ્ણનું ધામ અક્ષરબ્રહ્મ ગણિતાનંદ છે.

૬. સર્વોપરિ વેદાદિ શાસ્ત્ર પ્રતિપાદિત પરમકાષ્ઠાપન્ન વસ્તુ શ્રીકૃષ્ણજ છે.

૭. કૃષ્ણની સેવા એજ અંશ જીવનો ધર્મ છે, એટલે વસ્તુતઃ સ્વધર્મ **શ્રીકૃષ્ણસેવાજ** છે.

૮. સાક્ષાત્ શ્રીકૃષ્ણોપદિષ્ટ આત્મનિવેદન અને પ્રભુપપત્તિ સિવાય અન્ય વિશ્વધર્મ હોઈ શકેજ નહિ.

૯. અન્યાશ્રય અને અસમર્પિત પદાર્થોપભોગ, એ શ્રીપુષ્ટિમાર્ગમાં મહાદોષરૂપ હોવાથી સર્વથા ત્યાજ્ય છે.

અખંડભૂમંડલાચાર્ય શ્રીમદ્વલ્લભાચાર્ય પ્રતિપાદિત સનાતન શુદ્ધાદ્વૈત સમ્પ્રદાયનાં પ્રમાણ અને સિદ્ધાન્તો.

वेदाः श्रीकृष्णवाक्यानि व्याससूत्राणि चैव हि ।
समाधिभाषा व्यासस्य प्रमाणं तच्चतुष्टयम् ॥ १ ॥

વેદ વાક્ય શ્રીકૃષ્ણના, વ્યાસ સૂત્ર કહેવાય;
સમાધિ ભાષા વ્યાસની, ચાર પ્રમાણ ગણાય.

एकं शास्त्रं देवकीपुत्रगीतम् । एको देवो देवकीपुत्र एव ।
मंत्रोप्येकस्तस्य नामानि यानि । कर्माप्येकं तस्य देवस्य सेवा २

ગીતા આગમ એક, એક દેવ દેવકીતનય;
નામો મંત્ર વિવેક, કર્મ એક તે પ્રભુભજન.

॥ श्रीनगननाथाय नमः ॥

॥ श्रीगोवर्धननाथजी ॥



पाटोत्सव, सं १७२८ महा वदि ७.

श्रीनाथद्वार–सिंहाड (मेवाड)

અનુક્રમણિકા.

પ્રસ્તાવના.

સૂર્યનું ઓળખાણ આપવાની કે સોનાને રસવાની જરૂર જ જણાતી નથી, તેવીજ રીતે આ લઘુ પુસ્તકને પ્રસ્તાવનાની જરૂર નથી, છતાં પ્રાસંગિક લખવું પડે છે કે:–આ શ્રીસર્વોત્તમસ્તોત્રનો પાઠ કે જેમાં શ્રીમહાપ્રભુજીનાં સર્વોત્તમ એવાં ૧૦૮ નામ છે. એ પાઠ અને નામાવલીનો જપ દરેક વૈષ્ણવે નિત્ય નિયમપૂર્વક કરવા આવશ્યક છે. કારણ કે, એ વૈષ્ણવની ગાયત્રી છે માટે હમેશાં નિત્ય-નિયમ કરતી વખતે જેમ અષ્ટાક્ષરમંત્રની માળા ફેરવે છે તેમ આ શ્રીમદ્વલ્લભાચાર્યનાં સર્વોત્તમ ૧૦૮ નામના જપની અવશ્ય માળા ફેરવવી એ વૈષ્ણવોની ફરજ છે. મારા તરફથી "સાંપ્રદાયિક પુસ્તકો પ્રકટ કરવાની સંસ્થા સંવત ૧૯૬૯ની સાલથી શરૂ થઇછે." તે દ્વારા આ દાસના તરફથી નાનાં મોટાં કુલ ૫૫ પુસ્તકો છપાયાં અને તેની અઢીલાખ નકલો જેટલી મોટી સંખ્યાનો ફેલાવો થયો છે. અને હજુ પણ એવાં પુસ્તકોનો ફેલાવો થાય એમ ઇચ્છું છું. વૈષ્ણવબન્ધુઓ તરફથી આવા "શ્રી સર્વોત્તમસ્તોત્રની" પાઠ કરવાની માગણી થવાથી મારી પોતાની શકિત અનુસાર સં. ૧૯૭૩ ની સાલમાં શ્રી સર્વોત્તમ સ્તોત્રના પાઠના પુસ્તકની ૨૦૦૦ નકલો છપાવી વિના મૂલ્યે વૈષ્ણવોની સેવામાં રજુ કરી હતી. ત્યારબાદ ત્રણ વરસે દ્વિતીય આવૃત્તિ સુધારા વધારા સાથે પ્રકટ કરવામાં આવી તે પછી પાંચ વરસે તૃતીય આવૃત્તિ થઇ તે પછી પાંચ વરસે આ ચોથી આવૃત્તિ પ્રગટ થાય છે. છતાં તેનો બહોળા પ્રમાણમાં ફેલાવો થતો નથી એ વૈષ્ણવોએ વિચારણીય છે. વૈષ્ણવો આ પુસ્તકનો છુટથી ઉપયોગ કરે એજ મારા પ્રયાસની સફલતા માનું છું.

લી. આપનો કૃપાકાંક્ષી
દાસાનુદાસ વૈષ્ણવ
લલુભાઇ છગનલાલ દેસાઇના
જયશ્રીકૃષ્ણ.

વ્યવસ્થાપક:—
"શ્રીભક્તિગ્રન્થમાળા" કાર્યાલય
રીચીરોડ, નં. ૧૧૦ મેડાઉપર
અમદાવાદ.

श्रीकृष्णाय नमः

॥ श्रीगोपीजनवल्लभाय नमः ॥

श्रीमदाचार्यचरणकमलेभ्यो नमः

श्रीसर्वोत्तमस्तोत्र

सटीक प्रारंभ.

मंगलाचरण.

बर्हापीडं नटवरवपुः कर्णयोः कर्णिकारं
बिभ्रद्वासः कनककपिशं वैजयन्तीं च मालाम् ।
रन्ध्रान् वेणोरधरसुधया पूरयन् गोपवृन्दै-
र्वृन्दारण्यं स्वपदरमणं प्राविशद् गीतकीर्तिः ॥ १ ॥
चिंतासंतानहंतारो यत्पादांबुजरेणवः ॥
स्वीयानां तान्निजाचार्यान् प्रणमामि मुहुर्मुहुः ॥
यदनुग्रहतो जंतुः सर्वदुःखातिगो भवेत् ॥
तमहं सर्वदा वंदे श्रीमद्वल्लभनंदनम् ॥ ४ ॥

श्रीकृष्णास्यं देवता च बीजं कारुणिकः प्रभुः॥५॥

ઋષિરગ્નિકુમારસ્તુ નામ્નાં છંદો જગત્યસૌ ।
શ્રીકૃષ્ણાસ્યં દેવતા ચ બીજં કારુણિકઃ પ્રભુઃ ॥ ૫ ॥

અર્થ:–આ સ્તોત્રના ઋષિ અગ્નિકુમાર શ્રીગુસાંઇજી છે, અને જગતી છંદ છે, તથા દેવતા શ્રીકૃષ્ણ મુખરૂપ શ્રીમદ્‌ વલ્લભાચાર્યજી છે અને કારુણિક પ્રભુ એ બીજ છે. ૫.

विनियोगो भक्तियोगप्रतिबंधविनाशने ।
कृष्णाधरामृतास्वादसिद्धिरत्र न संशयः ॥

વિનિયોગો ભક્તિયોગપ્રતિબંધવિનાશને ।
કૃષ્ણાધરામૃતાસ્વાદસિદ્ધિરત્ર ન સંશયઃ ॥ ૬ ॥

અર્થ:–આ સર્વોત્તમસ્તોત્રનો વિનિયોગ કહેતાં પ્રયોજન ભક્તિનો યોગ થવામાં આવતા પ્રતિબંધોનો નાશ કરવા માટેનું છે. અને સિદ્ધિ એટલે ફલ તે શ્રીકૃષ્ણના અધરામૃતનો આસ્વાદ છે. એમાં કાંઇ સંશય નથી. ૬.

आनन्दः परमानन्दः श्रीकृष्णास्यं कृपानिधिः ।
दैवोद्धारप्रयत्नात्मा स्मृतिमात्रार्तिनाशनः ॥७॥

આનન્દઃ પરમાનન્દઃ શ્રીકૃષ્ણાસ્યં કૃપાનિધિઃ ।

દૈવોદ્ધારપ્રયત્નાત્મા સ્મૃતિમાત્રાર્તિ નાશનઃ ॥ ૭ ॥

અર્થ:–આનન્દરૂપ અને પરમાનન્દરૂપ શ્રીકૃષ્ણના મુખારવિંદરૂપ અને કૃપાના ભંડારરૂપ અને દૈવીજીવોના ઉદ્ધાર કરવા સારૂ પોતાના મનમાં યત્ન કરનારા અને સ્મરણ માત્રથી પીડાને નાશ કરનારા એવા શ્રીમહાપ્રભુજી છે. ૭.

श्रीभागवतगूढार्थप्रकाशनपरायणः ॥
साकारब्रह्मवादैकस्थापको वेदपारगः ॥ ८ ॥

શ્રીભાગવતગૂઢાર્થપ્રકાશનપરાયણઃ ।
સાકારબ્રહ્મવાદૈકસ્થાપકો વેદપારગઃ ॥ ૮ ॥

અર્થ:–શ્રીભાગવતના ગૂઢ અર્થને પ્રકાશ કરવામાં તત્પર એવા અને સાકાર બ્રહ્મવાદના સ્થાપન કરનારા અને વેદના પારને પામેલા એવા શ્રી આચાર્યજી મહાપ્રભુજી છે. ૮.

मायावादनिराकर्ता सर्ववादिनिरासकृत् ।
भक्तिमार्गाब्जमार्तण्डः स्त्रीशूद्राद्युद्धृतिक्षमः ॥९॥

માયાવાદનિરાકર્તા સર્વવાદિનિરાસકૃત્ ।
ભક્તિમાર્ગાબ્જમાર્તણ્ડઃ સ્ત્રીશૂદ્રાદ્યુદ્ધૃતિક્ષમઃ ॥ ૯ ॥

અર્થ:–માયાવાદનું ખંડન કરનારા અને સર્વે વાદિઓનો પરાજય કરનારા અને ભક્તિમાર્ગરૂપી કમલમાં સૂર્યરૂપ અને

સ્ત્રીઓ તથાશૂદ્રાદિના ઉદ્ધાર કરવામાં સમર્થ એવા શ્રી મહાપ્રભુજી છે. ૯.

अंगीकृत्यैव गोपीशवल्लभीकृतमानवः ॥
अंगीकृतौ समर्यादो महाकारुणिको विभुः ॥१०॥

અંગીકૃત્યૈવ ગોપીશવલ્લભીકૃતમાનવઃ ।
અંગીકૃતૌ સમર્યાદો મહાકારુણિકો વિભુઃ ॥ ૧૦ ॥

અર્થ:–અંગીકાર કરવાને વિષે મર્યાદાવાળા અને મહાદયાલુ, અને પોતે અંગીકાર કરીને ગોપીપતિ શ્રીકૃષ્ણ ભગવાનમાં મનુષ્યોને વાત્સલ્ય કરાવનાર એવા અને સમર્થ શ્રીમહાપ્રભુજી. ૧૦.

अदेयदानदक्षश्च महोदारचरित्रवान् ।
प्राकृतानुकृतिव्याजमोहितासुरमानुषः ॥११॥

અદેયદાનદક્ષશ્ચ મહોદારચરિત્રવાન્ ॥
પ્રાકૃતાનુકૃતિવ્યાજમોહિતાસુરમાનુષઃ ॥ ૧૧ ॥

અર્થ:–ન આપી શકાય એવા દાન દેવા સમર્થ એવા, અને ઉદારચરિત્રવાળા અને પ્રાકૃત જનને અનુસરવાના મિષથી આસુરી જનોને મોહિત કરનાર એવા શ્રીમહાપ્રભુજી છે. ૧૧.

वैश्वानरो वल्लभाख्यः सद्रूपो हितकृत्सताम् ।
जनशिक्षाकृते कृष्णभक्तिकृन्निखिलेष्टदः ॥१२॥

વૈશ્વાનરો વલ્લભાખ્યઃ સદ્રૂપો હિતકૃત્ સતામ્ ।
જનશિક્ષાકૃતે કૃષ્ણભક્તિકૃન્નિખિલેષ્ટદઃ ॥ ૧૨ ॥

અર્થઃ--અગ્નિસ્વરૂપ વલ્લભનામવાળા, સારા રૂપવાળા, સત્પુરુષોના હિતકારી, મનુષ્યોને શિખવવા સારૂ શ્રીકૃષ્ણની ભક્તિ કરનારા સમગ્ર ઇચ્છિત વસ્તુને આપનાર એવા શ્રી મહાપ્રભુજી છે. ૧૨.

सर्वलक्षणसंपन्नः श्रीकृष्णज्ञानदो गुरुः ।
स्वानन्दतुन्दिलः पद्मदलायतविलोचनः ॥१३॥

સર્વલક્ષણસંપન્નઃ શ્રીકૃષ્ણજ્ઞાનદો ગુરુઃ ।
સ્વાનન્દતુન્દિલઃ પદ્મદલાયતવિલોચનઃ ॥ ૧૩ ॥

અર્થઃ-સર્વ લક્ષણથી યુક્ત, શ્રીકૃષ્ણના દાનને દેનાર અને ગુરૂ અને પોતાના સ્વરૂપે કરીને આનંદવાળા, કમલદલ સરખા વિશાળ નેત્રવાળા એવા શ્રીમહાપ્રભુજી. ૧૩.

कृपादृग्वृष्टिसंहृष्टदासदासीप्रियः पतिः ।
रोषदृक्पातसंप्लुष्टभक्तद्विड् भक्तसेवितः ॥ १४ ॥

કૃપાદૃગ્વૃષ્ટિસંહૃષ્ટદાસદાસીપ્રિયઃ પતિઃ ।
રોષદૃક્પાતસંપ્લુષ્ટભક્તદ્વિડ્ ભક્તસેવતિઃ ॥ ૧૪ ॥

અર્થઃ-કૃપાયુક્ત દૃષ્ટિરૂપ વૃષ્ટિવડે ખુશી થયેલા દાસ-

દાસી જનોને પ્રિય, અને રોષવાળી દૃષ્ટિવડે ભકતોના દ્વેષીયોને બાળી નાંખનાર, અને ભકતોએ સેવેલા એવા શ્રીમહાપ્રભુજી.૧૪.

सुखसेव्यो दुराराध्यो दुर्लभांघ्रिसरोरुहः ।
उग्रप्रतापो वाक्सीधुपूरिताशेषसेवकः ॥ १५ ॥

સુખસેવ્યો દુરારાધ્યો દુર્લભાંઘ્રિસરોરુહઃ ।
ઉગ્રપ્રતાપો વાક્સીધુપુરિતાશેષસેવકઃ ॥ ૧૫ ॥

અર્થ:–સુખે કરીને સેવવા યોગ્ય, દુઃખે કરી આરાધના કરવા યોગ, જેમના ચરણકમલ દુર્લભ છે ઉગ્રપ્રતાપવાળા વચનામૃતવડે સમગ્ર સેવકોને પૂર્ણ કરનાર. ૧૫.

श्रीभागवतपीयूषसमुद्रमथनक्षमः ॥
तत्सारभूतरासस्त्रीभावपूरितविग्रहः ॥ १६ ॥

શ્રીભાગવતપીયૂષસમુદ્રમથનક્ષમઃ ।
તત્સારભૂતરાસસ્ત્રીભાવપૂરિતવિગ્રહઃ ॥ ૧૬ ॥

અર્થ:–શ્રીભાગવતરૂપી અમૃતસમુદ્ર મથન કરી શ્રીસુબોધિનીજીની કથા કરવામાં સમર્થ અને તે શ્રીભાગવતને વિષે સારભૂત એવી રાસક્રીડાના સ્ત્રીભાવે કરી પરિપૂર્ણ દેહવાળા એવા શ્રીમહાપ્રભુજી છે. ૧૬.

सान्निध्यमात्रदत्तश्रीकृष्णप्रेमा विमुक्तिदः ।

रासलीलैकतात्पर्यः कृपयैतत्कथाप्रदः ॥ १७ ॥

સાન્નિધ્યમાત્રદત્તશ્રીકૃષ્ણપ્રેમા વિમુક્તિદઃ ।
રાસલીલૈકતાત્પર્યઃ કૃપયૈતત્કથાપ્રદઃ ॥ ૧૭ ॥

અર્થ:—પોતાની સન્નિધિમાત્રમાં શ્રીકૃષ્ણને વિષે પ્રેમનું દાન કરનાર એવા અને મુક્તિને દેનારા અને રાસલીલામાં એક તાત્પર્યવાળા અને કૃપાએ કરીને શ્રીકૃષ્ણની કથાનું દાન કરનારા. ૧૭.

विरहानुभवैकार्थसर्वत्यागोपदेशकः ।
भक्त्याचारोपदेष्टा च कर्ममार्गप्रवर्तकः ॥ १८ ॥

વિરહાનુભવૈકાર્થ સર્વત્યાગોપદેશકઃ ।
ભક્ત્યાચારોપદેષ્ટા ચ કર્મમાર્ગપ્રવર્તકઃ ॥ ૧૮ ॥

અર્થ:—કેવલ વિરહના અનુભવ સારૂ સર્વ ત્યાગનો ઉપદેશ કરનારા, ભક્તિ વાસ્તે આચારનો ઉપદેશ કરનારા, અને કર્મમાર્ગને પ્રવર્તાવનારા એવા શ્રીઆચાર્યજી મહાપ્રભુજી છે. ૧૮.

यागादौ भक्तिमार्गैकसाधनत्वोपदेशकः ।
पूर्णानन्दः पूर्णकामो वाक्पतिर्विबुधेश्वरः ॥१९॥

યાગાદૌ ભક્તિમાર્ગૈકસાધનત્વોપદેશકઃ ।
પૂર્ણાનન્દઃ પૂર્ણકામો વાક્પતિર્વિબુધેશ્વરઃ ॥ ૧૯ ॥

અર્થઃ-યજ્ઞયાગાદિ કર્મો ભક્તિમાર્ગનાંજ એક સાધનરૂપ છે એવો ઉપદેશ કરનાર, પૂર્ણઆનન્દવાળા, પૂર્ણકામનાવાળા, વાણીના પતિ અને પંડિતો અથવા દેવતાઓના ઇશ્વર એવા શ્રીઆચાર્યજી છે.

कृष्णनामसहस्त्रस्य वक्ता भक्तपरायणः ।
भक्त्याचारोपदेशार्थं नानावाक्यनिरूपकः ॥२०॥

કૃષ્ણનામસહસ્ત્રસ્ય વક્તા ભક્તપરાયણઃ ।
ભક્ત્યાચારોપદેશાર્થંનાનાવાક્યનિરૂપકઃ ॥ ૨૦ ॥

અર્થઃ-શ્રીકૃષ્ણના હજાર નામને કહેનારા અને ભકતોમાં પરાયણ અને ભકિત તથા આચારના ઉપદેશ સારૂ નાના પ્રકારના વાકયને નિરૂપણ કરનારા એવા. ૨૦.

स्वार्थोज्झिताखिलप्राणप्रियस्तादृशवेष्टितः
स्वदासार्थकृताशेषसाधनः सर्वशक्तिधृक् ॥२१॥

સ્વાર્થોજ્ઝિતાખિલપ્રાણપ્રિયસ્તાદૃશવેષ્ટિતઃ ।
સ્વદાસાર્થકૃતાશેષસાધનઃ સર્વશક્તિધૃક્ ॥ ૨૧ ॥

અર્થઃ-પોતાને માટે અખિલ પ્રાણને અર્પણ કરનાર પુરુષોને પ્રિય એવા અને તેવા તાદૃશી પુરુષોથી વીંટાયેલા અને પોતાના દાસને સારૂ સમગ્ર સાધન કરનાર અને સર્વ શકિતને ધારણ કરનાર એવા શ્રીઆચાર્યજી. ૨૧.

भुवि भक्तिप्रचारैककृते स्वान्वयकृत् पिता ।
स्ववंशे स्थापिताशेषस्वमाहात्म्यः स्मयापहः॥२२॥

ભુવિ ભક્તિપ્રચારૈકકૃતે સ્વાન્વયકૃત્પિતા ।
સ્વવંશે સ્થાપિતાશેષસ્વમાહાત્મ્યઃ સ્મયાપહઃ ॥ ૨૨ ॥

અર્થ:—પૃથ્વીમાં કેવલ ભક્તિનો પ્રચાર કરવા સારૂ પોતાના વંશનો વિસ્તાર કરનાર અને પિતારૂપ અને પોતાના વંશને વિષે પોતાના સમગ્ર માહાત્મ્યનું સ્થાપન કરનાર અને ગર્વનો નાશ કરનાર એવા શ્રીમહાપ્રભુજી. ૨૨.

पतिव्रतापतिः पारलौकिकैहिकदानकृत् ।
निगूढहृदयोऽनन्यभक्तेषु ज्ञापिताशयः ॥ २३ ॥

પતિવ્રતાપતિઃ પારલૌકિકૈહિકદાનકૃત્ ।
નિગૂઢહૃદયોઽનન્યભક્તેષુ જ્ઞાપિતાશયઃ ॥ ૨૩ ॥

અર્થ:—પતિવ્રતાઓના પતિ અને પરલોક તથા આલોક સંબંધી દાન કરનાર અને ગૂઢ હૃદયવાળા અનન્ય ભક્તોમાં પોતાનું અંતઃકરણ જણાવનાર. ૨૩.

उपासनादिमार्गातिमुग्धमोहनिवारकः ।
भक्तिमार्गे सर्वमार्गवैलक्षण्यानुभूतिकृत् ॥ २४ ॥

ઉપાસનાદિ માર્ગાતિમુગ્ધમોહનિવારકઃ ।
ભક્તિમાર્ગે સર્વમાર્ગવૈલક્ષણ્યાનુભૂતિકૃત્ ॥ ૨૪ ॥

અર્થઃ—ઉપાસનાદિ માર્ગોમાં અતિમુગ્ધ પુરૂષોના મોહને મટાડનાર ભકિતમાર્ગને વિષે સર્વ માર્ગથી વિલક્ષણ રીતે અનુભવ કરાવનાર એવા. ૨૪.

पृथक्शरणमार्गोपदेष्टा श्रीकृष्णहार्दवित् ।
प्रतिक्षणनिकुञ्जस्थलीलारससुपूरितः ॥ २५ ॥

પૃથક્શરણમાર્ગોપદેષ્ટા શ્રીકૃષ્ણહાર્દવિત્ ।
પ્રતિક્ષણનિકુંજસ્થલીલારસસુપૂરિતઃ ॥ ૨૫ ॥

અર્થઃ—જુદી રીતે શરણમાર્ગને ઉપદેશ કરનાર, શ્રી-કૃષ્ણના હાર્દને જાણનાર, ક્ષણે ક્ષણે નિકુંજમાં થયલી (રાસ) લીલાના રસે કરીને પરિપૂર્ણ એવા. ૨૫.

तत्कथाक्षिप्तचित्तस्तद्विस्मृतान्यो व्रजप्रियः ।
प्रियव्रजस्थितिः पुष्टिलीलाकर्ता रहः प्रियः ॥२६॥

તત્કથાક્ષિપ્તચિત્તસ્તદ્વિસ્મૃતાન્યો વ્રજપ્રિયઃ ।
પ્રિયવ્રજસ્થિતિઃ પુષ્ટિલીલાકર્તા રહઃપ્રિયઃ ॥ ૨૬ ॥

અર્થઃ—તે નિકુંજવનમાં શ્રીકૃષ્ણચન્દ્ર સંબંધી રાસ-લીલા કથા વડે ચિત્તને ખેંચનાર અને તે કથા કરવા સારૂ

અન્ય કથા વિરોધી કાર્યને વિસ્મરણ કરાવનાર અને વ્રજમાં પ્રીતિવાળા અને પ્રિય વ્રજમાં સ્થિતિવાળા, અને પુષ્ટિ સંબંધી રાસલીલા કરનાર અને એકાંતિક ભકિતમાં પ્રીતિવાળા શ્રીઆચાર્યજી. ૨૬.

भक्तेच्छापूरकः सर्वाज्ञातलीलोऽतिमोहनः ।
सर्वासक्तो भक्तमात्रासक्तः पतितपावनः ॥२७॥

ભકતેચ્છાપૂરકઃ સર્વાજ્ઞાતલીલોઽતિ મોહનઃ ।
સર્વાસકતો ભક્તમાત્રાસક્તઃ પતિતપાવનઃ ॥ ૨૭ ॥

અર્થઃ—ભકિતની ઈચ્છાને પૂર્ણ કરનારા બીજા સર્વ પુરૂષોને અજ્ઞાત છે લીલા જેમની એવા અને અત્યંત મોહ કરનાર, સર્વને વિષે આસકિત રહિત, અને કેવળ ભકતને વિષે આસકત, અને પતિત પુરૂષોને પવિત્ર કરનારા, એવા શ્રીઆચાર્યજી મહાપ્રભુજી છે. ૨૭.

स्वयशोगानसंहृष्टहृदयांभोजविष्टरः ।
यशः पीयूषलहरीप्लावितान्यरसः परः ॥ २८ ॥

સ્વયશોગાનસંહૃષ્ટહૃદયાંભોજવિષ્ટરઃ ।
યશઃ પીયૂષલહરીપ્લાવિતાન્યરસઃ પરઃ ॥ ૨૮ ॥

અર્થઃ—પોતાના યશ ગાવાથી પ્રસન્ન થયેલા ભકતના હૃદયરૂપ કમલમાં આસન કરનાર, યશરૂપ અમૃતની લહેરથી

ભીંજાવેલ છે અન્ય રસ જેમણે એવા, અને સર્વથી પર-
શ્રેષ્ઠ એવા શ્રીમહાપ્રભુજી છે. ૨૮.

लीलामृतरसार्द्रार्द्रीकृताखिलशरीरभृत् ।
गोवर्धनस्थित्युत्साहस्तल्लीलाप्रेमपूरितः ॥ २९ ॥

લીલામૃતરસાર્દ્રાર્દ્રીકૃતાખિલશરીરભૃત્ ।
ગોવર્ધનસ્થિત્યુત્સાહસ્તલ્લીલાપ્રેમપૂરિતઃ ॥ ૨૯ ॥

અર્થઃ–લીલારૂપ અમૃતસંબંધી રસાર્દ્ર ભાવવડે સકલ શરીરધારીને રસવાળા કરનાર અને શ્રીગોવર્ધન–ગિરિરાજની સ્થિતિમાં ઉત્સાહવાળા અને તે ભગવદ્ લીલામાં પ્રેમરસવડે પરિપૂર્ણ એવા શ્રીમહાપ્રભુજી. ૨૯.

यज्ञभोक्ता यज्ञकर्ता चतुर्वर्गविशारदः ।
सत्यप्रतिज्ञस्त्रिगुणातीतो नयविशारदः ॥ ३० ॥

યજ્ઞભોક્તા યજ્ઞકર્તા ચતુર્વર્ગવિશારદઃ ।
સત્યપ્રતિજ્ઞસ્ત્રિગુણાતીતો નયવિશારદઃ ॥ ૩૦ ॥

અર્થઃ–યજ્ઞભોક્તા અને યજ્ઞકર્તા, તથા **ધર્મ**, **અર્થ**, **કામ** અને **મોક્ષ**ને દેવામાં ડહાપણવાળા, સાચી પ્રતિજ્ઞાવાળા, ત્રણ ગુણથી રહિત અને નીતિમાં ચતુર એવા શ્રીઆચાર્યજી.૩૦.

स्वकीर्तिवर्धनस्तत्त्वसूत्रभाष्यप्रदर्शकः ।
मायावादाख्यतूलाग्निर्ब्रह्मवादनिरूपकः ॥ ३१ ॥

સ્વકીર્તિવર્ધન સ્તત્ત્વસૂત્રભાષ્યપ્રદર્શકઃ ।
માયાવાદાખ્યતૂલાગ્નિર્બ્રહ્મવાદનિરૂપકઃ ॥ ૩૧ ॥

અર્થ:–પોતાની કીર્તિને વધારનાર અને સાંખ્ય તત્ત્વ અને વ્યાસસૂત્રના ભાષ્યને કરનાર અને માયાવાદરૂપ કપાસમાં અગ્નિ સરખા અને બ્રહ્મવાદનું નિરૂપણ કરનારા એવા શ્રી આચાર્યજી મહાપ્રભુજી છે. ૩૧.

अप्राकृताऽखिलाकल्पभूषितः सहजस्मितः ।
त्रिलोकीभूषणं भूमिभाग्यं सहजसुन्दरः ॥ ३२ ॥

અપ્રાકૃતાઽખિલાકલ્પભૂષિતઃ સહજસ્મિતઃ ।
ત્રિલોકીભૂષણં ભૂમિભાગ્યં સહજસુન્દરઃ ॥ ૩૨ ॥

અર્થ:–અલૌકિક સર્વશૃંગારવડે સુશોભિત અને સહજ હાસ્યવાળા ત્રણલોકમાં ભૂષણસરખા પૃથ્વીના ભાગ્યરૂપ અને સહજે આભૂષણાદિ ધારણ કર્યા વિના પણ સુન્દર મૂર્તિવાળા ૩૨

अशेषभक्तसंप्रार्थ्यचरणाब्जरजोधनः ।
इत्यानन्दनिधेः प्रोक्तं नाम्नामष्टोत्तरं शतम् ॥३३॥

અશેષભક્તસંપ્રાર્થ્યચરણાબ્જરજોધનઃ ।
ઇત્યાનંદનિધેઃ પ્રોક્તં નામ્નામષ્ટોત્તરં શતમ્ ॥ ૩૩ ॥

અર્થ:–જેમના ચરણકમલના રજરૂપી ધન અશેષ ભકતજનોએ સંપ્રાર્થનીય છે (એટલે સારી રીતે ઇચ્છા કરવાયોગ્ય છે) એવા શ્રીઆચાર્યજી મહાપ્રભુજી છે. એ પ્રમાણે આનંદના સમુદ્રરૂપ શ્રીમહાપ્રભુજીનાં એકસોને આઠ નામ કહ્યાં.

श्रद्धाविशुद्धबुद्धिर्यः पठत्यनुदिनं जनः ।
स तदेकमनाः सिद्धिमुक्तां प्राप्नोत्यसंशयः ॥३४॥
શ્રદ્ધાવિશુદ્ધબુદ્ધિર્યઃપઠત્યનુદિનં જનઃ
સ તદેકમનાઃ સિદ્ધિમુક્તાં પ્રાપ્નોત્યસંશયઃ ॥ ૩૪ ॥

અર્થ:-શ્રદ્ધાવડે વિશુદ્ધ બુદ્ધિવાળો જે મનુષ્ય હમેશાં તેને વિષે નિશ્ચય મનવાળો થાય અને આ સ્તોત્રનો પાઠ કરે, તો તે પુરૂષ ઉપર કહેલી મહાસિદ્ધિને પ્રાપ્ત કરે છે એમાં કાંઇ સંશય નથી. ૩૪.

तदप्राप्तौ वृथामोक्षस्तदाप्तौ तद्गतार्थता ।
अतः सर्वोत्तमं स्तोत्रं जप्यं कृष्णरसार्थिभिः॥३५॥
તદપ્રાપ્તૌ વૃથામોક્ષસ્તદાપ્તૌ તદ્ગતાર્થતા ।
અતઃ સર્વોત્તમં સ્તોત્રં જપ્યં કૃષ્ણરસાર્થિભિઃ ॥૩૫॥

અર્થ:-તે શ્રીકૃષ્ણાધરામૃતાસ્વાદની પ્રાપ્તિ વિના મોક્ષ પણ વૃથા છે, અને તે સ્વમાર્ગ સંબંધી ફલની પ્રાપ્તિ થાય તો સાયુજ્યાદિકમોક્ષનું પણ નિરર્થકપણું છે, એ વાસ્તે આ **શ્રીસર્વોત્તમ સ્તોત્રનો**,શ્રીકૃષ્ણ રૂપરસની ઇચ્છાવાળા પુરૂષોએ જપ કરવો૩૫

॥इति श्रीमदग्निकुमारप्रोक्तं सर्वोत्तमस्तोत्रं संपूर्णम्॥

એ રીતે શોભાયમાન શ્રીઅગ્નિકુમાર કહેતાં **શ્રીવિઠ્ઠલેશજી-શ્રીગુસાંઇજીએ** રચેલું આ **શ્રી સર્વોત્તમ સ્તોત્રસટીક** ગુજરાતી ભાષામાં સંપૂર્ણ થયું.

અથ શ્રીસર્વોત્તમ જપવિધિ.

श्रीकृष्णाय नमः ॥ श्रीगोपीजनवल्लभाय नमः ॥

१ आनन्दाय नमः	૧ આનન્દાય નમઃ
२ परमानन्दाय नमः	૨ પરમાનન્દાય નમઃ
३ श्रीकृष्णास्याय नमः	૩ શ્રીકૃષ્ણાસ્યાય નમઃ
४ कृपानिधये नमः	૪ કૃપાનિધયે નમઃ
५ दैवोद्धारप्रयत्नात्मने नमः	૫ દૈવોદ્ધારપ્રયત્નાત્મને નમઃ
६ स्मृतिमात्रार्तिनाशनाय नमः	૬ સ્મૃતિમાત્રાર્તિનાશનાય નમઃ
७ श्रीभागवतगूढार्थप्रकाशनपरायणाय नमः	૭ શ્રીભાગવતગુઢાર્થ પ્રકાશનપરાયણાય નમઃ

८ साकारब्रह्मवादैकस्थाप-
काय नमः
९ वेदपारगाय नमः
१० मायावादनिराकर्त्रे नमः
११ सर्ववादिनिरासकृते नमः
१२ भक्तिमार्गाब्जमार्तण्डाय
नमः
१३ स्त्रीशूद्राद्युद्धृतिक्षमायनमः
१४ अंगीकृत्यैव गोपीशवल्लभी-
कृतमानवाय नमः
१५ अंगीकृतौ समर्यादायनमः
१६ महाकारुणिकाय नमः
१७ विभवे नमः

૮ સાકારબ્રહ્મવાદૈકસ્થાપકાય
નમઃ
૯ વેદપારગાય નમઃ
૧૦ માયાવાદનિરાકર્ત્રે નમઃ
૧૧ સર્વવાદિનિરાસકૃતે નમઃ
૧૨ ભક્તિમાર્ગાબ્જમાર્તંડાય નમઃ
13 સ્ત્રીશૂદ્રાદ્યુદ્ધૃતિક્ષમાય નમઃ
૧૪ અંગીકૃત્યૈવ ગોપીશવલ્લભીકૃત
માનવાય નમઃ
૧૫ અંગીકૃતૌ સમર્યાદાય નમઃ
૧૬ મહાકારુણિકાય નમઃ
૧૭ વિભવે નમઃ

१८ अदेयदानदक्षाय नमः

१९ महोदारचरित्रवते नमः

२० प्राकृतानुकृतिव्याजमोहितासुरमानुषाय नमः

२१ वैश्वानराय नमः

२२ वल्लभाख्याय नमः

२३ सद्रूपाय नमः

२४ सतां हितकृते नमः

२५ जनशिक्षाकृते कृष्णभक्तिकृते नमः

२६ निखिलेष्टदाय नमः

२७ सर्वलक्षणसंपन्नाय नमः

૧૮ અદેયદાનદક્ષાય નમઃ

૧૯ મહોદારચરિત્રવતે નમઃ

૨૦ પ્રાકૃતાનુકૃતિવ્યાજમોહિતાસુરમાનુષાય નમઃ

૨૧ વૈશ્વાનરાય નમઃ

૨૨ વલ્લભાખ્યાય નમઃ

૨૩ સદ્રૂપાય નમઃ

૨૪ સતાં હિતકૃતે નમઃ

૨૫ જનશિક્ષાકૃતે કૃષ્ણભક્તિકૃતે નમઃ

૨૬ નિખિલેષ્ટદાય નમઃ

૨૭ સર્વલક્ષણસંપન્નાય નમઃ

२८ श्रीकृष्णज्ञानदाय नमः
२९ गुरवे नमः
३० स्वानन्दतुन्दिलाय नमः
३१ पद्मदलायतविलोचनाय नमः
३२ कृपादृग्वृष्टिसंहृष्टदासदासीप्रियाय नमः
३३ पतये नमः
३४ रोषदृक्पातसंप्लुष्टभक्तद्विषे नमः
३५ भक्तसेविताय नमः
३६ सुखसेव्याय नमः
३७ दुराराध्याय नमः

૨૮ શ્રીકૃષ્ણજ્ઞાનદાય નમઃ
૨૯ ગુરવે નમઃ
૩૦ સ્વાનન્દતુન્દિલાય નમઃ
૩૧ પદ્મદલાયતવિલોચનાય નમઃ
૩૨ કૃપાદૃગ્વૃષ્ટિસંહૃષ્ટદાસદાસીપ્રિયાય નમઃ
૩૩ પતયે નમઃ
૩૪ રોષદૃક્પાતસંપ્લુષ્ટભક્તદ્વિષે નમઃ
૩૫ ભક્તસેવિતાય નમઃ
૩૬ સુખસેવ્યાય નમઃ
૩૭ દુરારાધ્યાય નમઃ

३८ दुर्लभांघ्रिसरोरुहाय नमः

३९ उग्रप्रतापाय नमः

४० वाक्सीधुपूरिताशेषसेव-
काय नमः

४१ श्रीभागवतपीयूषसमुद्रम-
थन क्षमाय नमः

४२ तत्सारभूतरासस्त्रीभावपू-
रित विग्रहाय नमः

४३ सान्निध्यमात्रदत्तश्रीकृष्ण-
प्रेम्णे नमः

४४ विमुक्तिदाय नमः

४५ रासलीलैकतात्पर्याय नमः

૩૮ દુર્લભાંઘ્રિસરોરૂહાય નમઃ

૩૯ ઉગ્રપ્રતાપાય નમઃ

૪૦ વાક્સીધુપૂરિતાશેષસેવકાર્યં
નમઃ

૪૧ શ્રીભાગવત પીયૂષસમુદ્રમથન-
ક્ષમાય નમઃ

૪૨ તત્સારભૂતરાસસ્ત્રીભાવ પૂરિત-
વિગ્રહાય નમઃ

૪૩ સાન્નિધ્યમાત્રદત્તશ્રીકૃષ્ણ પ્રેમ્ણે
નમઃ

૪૪ વિમુક્તિદાય નમઃ

૪૫ રાસલીલૈકતાત્પર્યાય નમઃ

४६ कृपयैतत्कथाप्रदाय नमः

४७ विरहानुभवैकार्थसर्वत्या-
गोपदेशकाय नमः

४८ भक्त्याचारोपदेष्ट्रे नमः

४९ कर्ममार्गप्रवर्त्तकाय नमः

५० यागादौ भक्तिमार्गैकसाध-
नत्वोपदेशकाय नमः

५१ पूर्णानन्दाय नमः

५२ पूर्णकामाय नमः

५३ वाक्पतये नमः

५४ विबुधेश्वराय नमः

५५ कृष्णनामसहस्रस्य वक्त्रे
नमः

૪૬ કૃપયૈતત્કથાપ્રદાય નમઃ

૪૭ વિરહાનુભવૈકાર્થસર્વત્યાગોપ-
દેશકાય નમઃ

૪૮ ભક્ત્યાચારોપદેષ્ટ્રે નમઃ

૪૯ કર્મમાર્ગપ્રવર્ત્તકાય નમઃ

૫૦ યાગાદૌ ભક્તિમાર્ગૈકસાધન-
ત્વોપદેશકાય નમઃ

૫૧ પૂર્ણાનન્દાય નમઃ

૫૨ પૂર્ણકામાય નમઃ

૫૩ વાક્પતયે નમઃ

૫૪ વિબુધેશ્વરાય નમઃ

૫૫ કૃષ્ણનામસહસ્રસ્ય વક્ત્રે નમઃ

५६ भक्तपरायणाय नमः

५७ भक्त्याचारोपदेशार्थनानावाक्यनिरूपकाय नमः

५८ स्वार्थोज्झिताखिलप्राणप्रियाय नमः

५९ तादृशवेष्टिताय नमः

६० स्वदासार्थकृताशेषसाधनाय नमः

६१ सर्वशक्तिधृषे नमः

६२ भुविभक्तिप्रचारैककृतेस्वान्वयकृते नमः

६३ पित्रे नमः

૫૬ ભકતપરાયણાય નમઃ

૫૭ ભકત્યાચ્યારોપદેશાર્થ નાનાવાકયનિરૂપકાય નમઃ

૫૮ સ્વાર્થોજ્ઝિતાખિલપ્રાણપ્રિયાય નમઃ

૫૯ તાદૃશાવેષ્ટિતાય નમઃ

૬૦ સ્વદાસાર્થકૃતાશેષસાધનાય નમઃ

૬૧ સર્વશક્તિધૃષે નમઃ

૬૨ ભુવિભક્તિપ્રચ્યારૈકકૃતે સ્વાન્વયકૃતે નમઃ

૬૩ પિત્રે નમઃ

६४ स्ववंशे स्थापिताशेषस्व-
माहात्म्याय नमः

६५ स्मयापहाय नमः

६६ पतिव्रतापतये नमः

६७ पारलौकिकैहिकदानकृते
नमः

६८ निगूढहृदयाय नमः

६९ अनन्यभक्तेषु ज्ञापिताश-
याय नमः

७० उपासनादिमार्गातिमुग्ध-
मोहनिवारकाय नमः

७१ भक्तिमार्गेसर्वमार्गवैलक्ष-
ण्यानुभूतिकृते नमः

૬૪ સ્વવંશે સ્થાપિતાશેષસ્વ-
માહાત્મ્યાય નમઃ

૬૫ સ્મયાપહાય નમઃ

૬૬ પતિવ્રતાપતયે નમઃ

૬૭ પારલૌકિકૈહિકદાનકૃતે
નમઃ

૬૮ નિગુઢહૃદયાય નમઃ

૬૯ અનન્યભકતેષુ જ્ઞાપિતાશયાય
નમઃ

૭૦ ઉપાસનાદિમાર્ગાતિમુગ્ધમોહ-
નિવારકાય નમઃ

૭૧ ભક્તિમાર્ગેસર્વમાર્ગવૈલક્ષણ્યા-
નુભૂતિકૃતે નમઃ

७२ पृथक्शरणमार्गोपदेष्ट्रे नमः	૭૨ પૃથક્શરણમાર્ગોપદેષ્ટ્રે નમઃ
७३ श्रीकृष्णहार्दविदे नमः	૭૩ શ્રીકૃષ્ણહાર્દવિદે નમઃ
७४ प्रतिक्षणनिकुञ्जस्थली-लारससुपूरिताय नमः	૭૪ પ્રતિક્ષણનિકુંજસ્થલીલારસ-સુપૂરિતાય નમઃ
७५ तत्कथाक्षिप्तचित्ताय नमः	૭૫ તત્કથાક્ષિપ્તચિત્તાય નમઃ
७६ तद्विस्मृतान्याय नमः	૭૬ તદ્વિસ્મૃતાન્યાય નમઃ
७७ व्रजप्रियाय नमः	૭૭ વ્રજપ્રિયાય નમઃ
७८ प्रियव्रजस्थितये नमः	૭૮ પ્રિયવ્રજસ્થિતયે નમઃ
७९ पुष्टिलीलाकर्त्रे नमः	૭૯ પુષ્ટિલીલાકર્ત્રે નમઃ
८० रहःप्रियाय नमः	૮૦ રહઃપ્રિયાય નમઃ
८१ भक्तेच्छापूरकाय नमः	૮૧ ભક્તેચ્છાપૂરકાય નમઃ
८२ सर्वाज्ञातलीलाय नमः	૮૨ સર્વાજ્ઞાતલીલાય નમઃ

८३ अति मोहनाय नमः

८४ सर्वासक्ताय नमः

८५ भक्तमात्रासक्ताय नमः

८६ पतितपावना‍ नमः

८७ स्वयशोगानसंहृष्टहृद्-
यांभोजविष्टराय नमः

८८ यशःपीयूषल‍ ‍विता-
न्यरसाय नमः

८९ पराय नमः

९० लीला‍ तरसाद्रार्दीकृता-
खिल ‍रीरभृते नमः

९१ गोवर्द्ध‍ ‍थि‍ त्साहाय
नमः

૮૩ અતિમોહનાય નમઃ

૮૪ સર્વાસક્તાય નમઃ

૮૫ ભક્તમાત્રાસક્તાય નમઃ

૮૬ પતિતપાવનાય નમઃ

૮૭ સ્વયશોગાનસંહૃષ્ટહૃદયાંભોજ-
વિષ્ટરાય નમઃ

૮૮ યશઃ પીયૂષલહરીપ્લાવિતાન્ય-
રસાય નમઃ

૮૯ પરાય નમઃ

૯૦ લીલામૃતરસાર્દ્રાર્દ્રીકૃતાખિલ-
શરીરભૃતે નમઃ

૯૧ ગોવર્દ્ધનસ્થિત્યુત્સાહાય નમઃ

९२ तल्लीलाप्रेमपूरिताय नमः	૯૨ તલ્લીલાપ્રેમપૂરિતાય નમઃ
९३ यज्ञभोक्त्रे नमः	૯૩ યજ્ઞભોક્ત્રે નમઃ
९४ यज्ञकर्त्रे नमः	૯૪ યજ્ઞકર્ત્રે નમઃ
९५ चतुर्वर्गविशारदाय नमः	૯૫ ચતુર્વર્ગવિશારદાય નમઃ
९६ सत्यप्रतिज्ञाय नमः	૯૬ સત્યપ્રતિજ્ઞાય નમઃ
२७ त्रिगुणातिताय नमः	૯૭ ત્રિગુણાતીતાય નમઃ
९८ नयविशारदाय नमः	૯૮ નયવિશારદાય નમઃ
९९ स्वकीर्तिवर्द्धनाय नमः	૯૯ સ્વકીર્તિવર્દ્ધનાય નમઃ
१०० तत्त्वसूत्रभाष्यप्रदर्शकाय नमः	૧૦૦ તત્ત્વસૂત્રભાષ્ય પ્રદર્શકાય નમઃ
१०१ मायावादाख्यतूलाग्नये नमः	૧૦૧ માયાવાદાખ્યતૂલાગ્નયે નમઃ
१०२ ब्रह्मवादनिरूपकाय नमः	૧૦૨ બ્રહ્મવાદનિરૂપકાય નમઃ

१०३ अप्राकृताखिलाकल्पभूषिताय नमः

१०४ सहजस्मिताय नमः

१०५ त्रिलोकीभूषणाय नमः

१०६ भूमिभाग्याय नमः

१०७ सहजसुन्दराय नमः

१०८ अशेषभक्तसंप्रार्थ्यचरणाब्जरजोधनाय नमः

इति श्रीविट्ठलेश्वरविरचिता

अष्टोत्तरशतनामावलिः संपूर्णा.

૧૦૩ અપ્રાકૃતાખિલાકલ્પભૂષિતાય નમઃ

૧૦૪ સહજસ્મિતાય નમઃ

૧૦૫ ત્રિલોકીભૂષણાય નમઃ

૧૦૬ ભૂમિભાગ્યાય નમઃ

૧૦૭ સહજસુન્દરાય નમઃ

૧૦૮ અશેષભક્તસંપ્રાર્થ્યચરણાબ્જરજોધનાય નમઃ

એ પ્રમાણે શ્રીવિઠ્ઠલેશ્વરજીએ રચેલી

૧૦૮ નામાવલિ સમ્પૂર્ણ થઇ.

॥ श्रीमदाचार्यचरणकमलेभ्यो नमः ॥

અથ શ્રી સર્વોત્તમજીનું ધોળ.

ભલે પ્રકટયા શ્રીવલ્લભદેવ શ્રીપુરૂષોત્તમ ભૂતલ ફરીજી;
નહિ પ્રાકૃત ધર્મનો લેશ, અપ્રાકૃત નિજવપુ ધરીજી. ૧
કરે નિગમનિરૂપણ એમ, તે સાકારની સ્તુતિ કરેજી;
મહા કલિકાલાદિક દોષ, પંડિતની દૃષ્ટિતિમિર ભરીજી. ૨
મહિમા નવ જાણે જેહ, તે કહીએ ખરા સુર અરિજી;
વહાલો દયા કરી મુખરૂપ, નિજલીલા પ્રકટ કરીજી; ૩
જેની વાણિ અતિદુર્બોધ થાય સુબોધ જેને કરીજી;
જેનાં અષ્ટોત્તર શત નામ, તે કહીએ મહાઅગ્નિ હરીજી. ૪
જેના ઋષિવર અગ્નિકુમાર જગતી છંદ નામે ધરીજી;
શ્રીકૃષ્ણ કમલ મુખદેવ, બીજ દૃષ્ટિ કરૂણા ભરીજી. ૫
જેની ભક્તિમાં અંતરાય, તે નાશને પ્રયોજન સહિજી;
આપે અધરામૃતની સિદ્ધિ તે મધ્યે નિશ્ચય કરીજી. ૬

ઢાળ—વહાલો આનન્દ પરમાનન્દ કહેવાય,
શ્રીકૃષ્ણકમલ મુખ કૃપાનિધિ થાય. ૭
વહાલો દૈવી ઉદ્ધારણ પ્રયત્ન ઉપાય,
જેના સ્મરણ માત્રથી આર્તિ જાય. ૮

શ્રીભાગવતગૂઢાર્થ પ્રકટાય,
સાકાર બ્રહ્મનો વાદ સ્થપાય, ૯
વેદપારંગ ચૌદ ભુવન કહેવાય,
માયાવાદ નિરાકૃત સહુ મીલી ગાય. ૧૦
સર્વવાદિ નિરાશ કીધા તે લખાય,
ભક્તિમાર્ગ સરસ કમલ વિકસાય. ૧૧
સ્ત્રી શૂદ્રાદિકને ઉદ્ધારવા સમર્થ,
જેના સાધન બળથી ન થાય અર્થ. ૧૨
અંગીકાર માત્રથી સર્વસ્વ કીયે,
કીધા શ્રીગોપિજન પતિને પ્રિયે. ૧૩
અંગીકાર કરે મર્યાદાનુસાર,
મહાકરૂણાવંત સમર્થ અપાર. ૧૪
વહાલો અદેયદાન દેવાને ચતુર,
મહાઉદાર ચરિત્ર કરે બહુ પૂર. ૧૫
લીલા દેખાડી પ્રાકૃતની જેહ,
તે મિષે મોહ્યા સુર રિપુ તેહ. ૧૬
વૈશ્વાનર શ્રીવલ્લભ છે નામ,
વહાલો સુંદરરૂપ સ્વજન હિતકામ, ૧૭
કૃષ્ણભક્તિ કરે જનશિક્ષાકાજ,

આપે અખિલ ઇષ્ટ શ્રીવલ્લભરાજ. ૧૮
સર્વ લક્ષણથી સંપન્ન વિવેક,
શ્રીકૃષ્ણ જ્ઞાના દાતા ગુરૂ એક. ૧૯
પોતાના આનન્દ થકી બહુ પુષ્ટ,
એના કમલ પત્રસે નેત્ર સંતુષ્ટ, ૨૦
કૃપાદષ્ટિની વૃષ્ટિથી હરખ્યાં મન,
તે દાસ દાસી પ્રિય પતિ છે અનન્ય. ૨૧
રોષદૃષ્ટિ કરે ભક્તિ શત્રુપ્રજાળ,
ભક્ત સેવંતા સુખ સેવા રસાળ. ૨૨
જીરે ભક્તિ વિના નહિ સેવા સાધ્ય,
તે કારણથી કહીએ દુરારાધ્ય. ૨૩
જેના ચરણ સરોજ દુર્લભ દર્શાય,
તેના ઉગ્ર પ્રતાપ ત્રૈલોક કહેવાય. ૨૪
વચનામૃત કરી પૂર્યા સેવકના અર્થ,
શ્રીભાગવત અમૃત મથન સમર્થ. ૨૫
તેનો સાર કહીએ વ્રજ સુંદરીનો ભાવ,
તે પરિપુરણ છે દેહ ભરાવ. ૨૬
સાન્નિધ્ય માત્રથી કરે દાન કૃષ્ણ પ્રેમ,
ભક્તિ મુક્તિ દેવાનું એઉને નેમ. ૨૭

એક રાસલીલામાં તેમનું તાન,
પ્રભુ કૃપા કરીને કરે કથાનું દાન. ૨૮
વહાલે વિરહના અનુભવને હેતે કાજ,
સર્વત્યાગ જણાવ્યો શ્રીવલ્લભરાજ. ૨૯
ઉપદેશ કર્યો ભક્તિમાર્ગ આચાર,
લોક માંહે કર્યો કર્મમાર્ગ પ્રચાર. ૩૦
વેદશાસ્ત્ર કહ્યાં યજ્ઞાદિક દાન,
તેનું ફળ મર્યાદાભક્તિ નિદાન. ૩૧
પ્રભુ પૂર્ણાનન્દ છે પૂરણકામ,
સરસ્વતીના પતિ દેવ ઇશ અભિરામ. ૩૨
વહાલે સહસ્ર કહ્યાં પુરૂષોત્તમ નામ્ન,
નિજજનને આશ્રયનું છે ધામ, ૩૩
ભક્તિમાર્ગની રીતે કરવા ઉપદેશ,
બહુ ગ્રન્થ કરીને ટાળ્યો સંશયનો લેશ. ૩૪
જેને પામવાને છોડયા પ્રાણથી પ્રિયે,
એવા ભક્ત સમાજ બિરાજ શ્રીએ. ૩૫
આપ સાધન કરે નિજ દાસને કાજ.
એવા સમર્થ શ્રીવલ્લભ મહારાજ. ૩૬
કરવા ભક્તિ પ્રચાર ભૂતલ માંહી,

વશ કીધા પિતા થઇને ગ્રહી બાંહિ. ૩૭
સર્વ સામર્થ્ય ધર્યું પોતાને વંશ,
ગર્વ દૂર કરિ ટાળ્યો સંશયનો અંશ. ૩૮
પ્રભુ પતિવ્રતાના પતિ સાક્ષાત.
કરે યહ લોક પરલોક દાન વિખ્યાત. ૩૯
જેના અંતઃકરણ છે ગુઢ અપાર,
અંગીકૃતને જણાવ્યો મનનો વિચાર. ૪૦
ઉપાસનાદિક માર્ગ જે અન્ય,
તેનો મોહ ટાળીને કીધા સેવક અનન્ય. ૪૧
કર્યો નિશ્ચય જે ભક્તિ સર્વથી વિશેષ,
કીધો શરણ માર્ગનો જુવો ઉપદેશ. ૪૨
શ્રીકૃષ્ણના મનની જાણે વાત,
લીલાકુંજબિહારી પરિપૂરણ ગાત. ૪૩
કથારસ મગ્ન સદા છે ચિત્ત,
વિસર્યું સૌ તે થકી બીજું વિત્ત. ૪૪
પ્રિય છે ઘણું વ્રજને વ્રજનો વાસ.
કરે પુષ્ટિલીલા એકાંત વિલાસ. ૪૫
કરે ભક્તેચ્છા પરિપૂરણ દાન,
નહિ નિજ લીલાનું કોઇને જ્ઞાન. ૪૬

અતિમોહિત જેનું શીલ ઘણું,
નહિ લોક વિષે આસક્તિ અણુ. ૪૭
નિજ ભકત વિષે આસકિત છે એક,
પ્રભુ પાવન કીધા પતિત અનેક. ૪૮

જે કરે પોતાના ગુણનું ગાન,
તેના હૃદય કમલ રહેવાનું સ્થાન. ૪૯
નિજ યશ રૂપી અમૃત લહેરી,
તેથી ભીંજવી સર્વ રસ વાસના હરિ.

પ્રભુ પોતે સર્વ થકી છે પર,
ન કરે તુલ્યતા કોઇ અવર ૫૦
લીલારસ અમૃત તરંગ બહુ,
ભીંજવ્યા છે ભક્ત શરીર સહુ. ૫૨
રૂચિ આપે ગિરિગોવર્દ્ધન વાસ,
તે લીલામાં છે અતિશય ઉલ્લાસ. ૫૩
કરે યજ્ઞભોગ ને યજ્ઞકર્મ,
આપે અર્થ કામ ને મોક્ષ ધર્મ. ૫૪
પ્રભુ સત્ય વચન છે ત્રિગુણાતીત,
નીતિ ચતુરાઇ છે અતિ અગણિત. ૫૫
કરવા પોતાની કીર્તિ પ્રકાશ,

કર્યું વ્યાસસૂત્રનું નૂતન ભાષ્ય. ૫૬
અતિ તુચ્છ તૂલ જે માયાવાદ,
કરી ભસ્માગ્નિ સ્થાપ્યો બ્રહ્મવાદ. ૫૭
અપ્રાકૃત ભૂષણની અતિ કાંતિ,
હસતા મુખ શોભે છે બહુ ભાંતી. ૫૮
પ્રભુ તીનલોકના ભુષણ સાર,
પ્રગટયા ધરણીનું ભાગ્ય અપાર. ૫૯
પ્રભુ સુંદરતા છે અતિશય અનૂપ,
કેમ વર્ણન કરી શકું એ સ્વરૂપ. ૬૦
સૌ માગે છે પોતાના જન,
ચરણારવિંદની રજ જે ધન. ૬૧
એ કહ્યાં એકસોને આઠે નામ,
શ્રી વલ્લભ નામ આનંદનું છે ધામ. ૬૨

વલણ–જે કોઇ શ્રદ્ધા કરી નિત્ય ગાએરે,
તેનું મન પહેલું સ્થિર થાયેરે. ૬૩
અધરામૃતની સિદ્ધિ પામેરે,
તેમાં સંશયનું નહી નામેરે. ૬૪
એ પામ્યા વિના મોક્ષ છે હીનરે,
તેના ફલમાં મુક્તિ છે લીનરે. ૬૫

તેથી સર્વોત્તમ જપ કરવોરે,
શ્રી કૃષ્ણ રસે મન ભરવોરે. ૬૬
શ્રી વિઠ્ઠલ ઉચ્ચરિત એ નામરે,
જે ગાય પુરે તેનાં કામરે. ૬૭
તેનો જન્મ સફલ કરી લેખેરે,
તે શ્રી વ્રજભુષણજીનાં સુખ દેખેરે ૬૮

ઇતિ શ્રી વ્રજભુષણજી મહારાજકૃત શ્રી સર્વોત્તમ ધોળ સમાપ્ત.

રાગ કાફી પદ-૧લું.

શ્રી સર્વોત્તમ પદ.

શ્રી સર્વોત્તમ જપ નિત્ય કરના હો. (૨)
સકલ શાસ્ત્રકો સાર એહી હે,
ત્રિવિધ તાપ સબ અઘ હરના હો. શ્રીસર્વો. ૧
પુષ્ટિ પદાર્થ યાહી તે પૈયત,
યાહી તે ભવસાગર તરના હો—
રંગીલે ત્રીકમ પ્રિય જાઉં બલિહારી,
કાલદંડસેં ના ડરના હો. શ્રીસર્વો. ૨

રાગ કાફી—પદ ૨ જું.

કરીયે શ્રીસર્વોત્તમ રસ પાન; (૨)

પ્રશંસા કરી શકે કોન કવિ એસો,
શ્રીમુખ કરત વખાણ. કરીયે શ્રી. ૧
અતિશય કરૂણા કરી આ કલિમેં,
દીયો દૈવી જીવનકું દાન;
એક એક અક્ષર હે અધરામૃત,
ગુપ્ત રહસ્ય ગુણ ગાન. કરીયે શ્રી. ૨
અર્ધ નિમેષ વિલંબ ન કરીએ,
રેન દિવસ આઠો જામ;
રસિક પ્રીતમ જાકે રંગ રંગ્યો,
સોહે ભક્ત નિધાન. કરીયે શ્રી. ૩

ઇતિ શ્રી સર્વોત્તમજીનાં પદ સમાપ્ત.

અથ શ્રી ફલશ્રુતિ.

વસંતતિલકા વૃત્ત.

आचार्यनामसशताष्टकमौक्तिकानि
श्रीविट्ठलोक्तिरससागरनिर्मितानि ।
श्रीगोकुलोक्तविवृतेर्गुणगुम्फितानि
कुर्वंतु कंठभुवि भक्तजना जयार्थं ॥ १ ॥

અર્થઃ—શ્રીઆચાર્યજીનાં દિવ્ય એકસો આઠ નામરૂપ સાચાં મોતી છે અને શ્રીવિઠ્ઠલેશજીની ઊકિત કહેતાં ઉચ્ચાર તે રૂપ રસસાગરમાં થયેલાં અને શ્રી-ગોકુલનાથજીએ કરેલાં વ્યાખ્યાનના સારા અર્થરૂપ દોરાવડે ગુંથેલાં એવાં, તે નામરૂપ સાચા મોતીનાં આભુષણોને હે ભક્તજનો! તમારા જયને અર્થે કંઠ-રૂપી ભૂમિને વિષે ધારણ કરો. ૧

यः कृष्णभक्तिमिह वाञ्छति साधनौघै-
र्नामानि भासुरयशांसि जपेत्स नित्यम् ।
तं वै हरिः स्वपुरुषं कुरुतेति शीघ्र-
मात्मार्पणं समधिगच्छति भावतुष्टः ॥२॥

અર્થઃ—અનેક સાધનોના સમૂહે કરીને જે પુરૂષ શ્રીકૃષ્ણ ભગવાનની ભકિતની ઇચ્છા કરતો હોય તો તેણે અનેક સાધનોના શ્રમમાં ન પડતાં જેને વિષે શ્રી-કૃષ્ણ ભગવાનના યશનો પ્રકાશ છે એવાં આ નામનો નિત્ય જપ કરવો તે જપ કરનારને શ્રીહરિ વહેલા પો-તાનો પુરૂષ [જીવ] કરે છે, અને ભક્તિભાવ વડે સં-તુષ્ટ થએલા શ્રીહરિ તે પુરૂષે કરેલા આત્મસમર્પણને

રૂડે પ્રકારે જાણે છે અથવા ભક્તિભાવ વડે સંતુષ્ટ થએલા શ્રીહરિ તે પુરૂષને પોતાનો આત્મા અર્પે છે. એટલે પોતાનું નિજ સ્વરૂપ આપે છે.

श्रीकृष्ण श्रीकृष्णसख वृष्णिवृषावनिध्रुक्
राजन्यवंशदहनानपवर्गवीर्य ।
गोविंद्गोपवनिताव्रजभृत्यगीत
तीर्थश्रवः श्रवणमंगल पाहि भृत्यान् ॥३॥

અર્થઃ—હે શ્રીકૃષ્ણ! હે અર્જુનના સખા? હે વૃષ્ણિ જે વાસુદેવાદિક! વૃષ જે ધર્મ અને અવનિ જે પૃથ્વિ તેમનો દ્રોહ કરનાર જે અન્ય રાજા તેમના વંશને બાળી નાંખવામાં નાશ ન પામનારૂં સામર્થ્ય જેનું છે. એવા હે ગાયોને આલ્હાદ કરનારા ચંદ્રરૂપ! (હે ગોપની સ્ત્રીઓ, વ્રજ, વ્રજવાસીઓ) અને સેવકજનો [ભક્તજનો] વડે કીર્તન કરાએલા! હે તીર્થરૂપ કીર્તિ વાળા! હે શ્રવણ માત્ર વડેજ પરમકલ્યાણરૂપ! ભક્તનું રક્ષણ કરો. ૩

॥ अथ श्रीसर्वोत्तम धमार ॥

॥ राग काफी ॥

श्रीवल्लभ मेरे मन वसो हो ॥ अबहो मेरे ललना ॥ अब मोकों ओर कछू न सुहाय ॥ ए शोभा त्रिभुवनमें न समाय वदन छबि निरखत मन न अघाय ॥ ध्रुव ॥ १ ॥ कनबाडो सीमा अतिसुंदर, सुखद कांकरवारो गाम ॥ बलजाउ ॥ मास वैशाख कृष्ण एकादशी, प्रकटथे श्रीलक्ष्मण धाम ॥ २ ॥ प्राकृत रूप रहित्त अप्राकृत, धर्म सहित साकार ॥ निगम निरूपित श्रीपुरुषोत्तम, वदन अनल अवतार ॥ ३ ॥ करि करुणा निज महिमा श्रीहरि, प्रकट करनके काज ॥ स्वबदन अनल रूप आनंदमय, प्रकटे श्रीवल्लभराज ॥४॥ दैवी जीव उद्धारण हित हरि, धर्यो द्विजवर अवतार ॥ भूतनाथ प्रकटित मार्गते, नाहिन होत

निस्तार ॥ ५ ॥ मायावाद तम बढयो भूतलमें, रवि बिनु नहि उजास ॥ सूर श्रीवल्लभ प्रकट होयके श्रुतिपथ कियो हे प्रकाश ॥ ६ ॥ श्रीभागवत प्रतिपद मणिवर, भूषण भुषित अंग ॥ सकल पुराण शास्त्र श्रुति स्मृति को, कीनो विरोधको भंग ॥ ७ ॥ श्रीभागवत अमृत उदधि रस, निज जन पान कराय ॥ प्रेम सहित व्रज जन की सेवा, शिखवत आप बताय ॥ ८ ॥ निगम बखानत भूतल स्वर्ग में, अनल उदयो इंदु ॥ परमानन्दरूप तें प्रकटे, कृष्णसेवा रससिंधु ॥ ९ ॥ साधन रहित जीव कलियुग के, दैवी किये सनाथ ॥ पकरि बांह पुरुषोत्तम सोंप्ये, जन शिर धरि निज हाथ ॥१०॥ सूत्रभाष्य सुबोधिनी कीनी नाना ग्रंथ निबंध ॥ ब्रह्मवाद साकार प्रकटायो, टाल्यो स्वीय प्रतिबंध ॥११॥ कृपादृष्टि

वृष्टि अमृतरस, सिंचे दासीदास ॥ रोष दृष्टि दावानल श्रीप्रभु, कीने असुर विनाश ॥ १२ ॥ प्राकृत रूप दिखाय प्राणपति, असुरन मोह उपजाय ॥ श्रीलक्ष्मण गृहे प्रकट होयकें, निजजन आनंद बढाय ॥१३॥ करि करुणा करुणानिधान प्रभु, देत अभय पद दान ॥ बुद्धिहीन कर्म जड जीवनको, टाल्यो अति अभिमान ॥ १४ ॥ श्री वल्लभ जाको करे अपुनो, सो व्रजपति प्रिय होय॥ ताके कोटि जन्मके पातक, तत्क्षण में क्षय होय ॥ १५ ॥ अनुभव निगम ज्ञान ते जाने, श्रीवल्लभराज स्वरूप ॥ भूतल भक्ति प्रचार करनको, अन्वय लिये अनूप ॥ १६ ॥ वृन्दावन श्रीगोवर्धन प्रिये, प्रिय यमुनातट वास ॥ कूमुदिनी गन मन रंजनको, सहस्र उडुपति उजास ॥ १७ ॥ कालिंदीको महिमा कलिमें, कीनें श्रीलक्ष्मण सुत ॥

